તારીખ : 13/02/2026

# સાવરકુંડલા તાલુકામાં જળસંચય માટે ₹૧.૦૫ કરોડના ચેકડેમ અને ફલડ પ્રોટેક્શન દીવાલનું કામ તેમજ ઊંડું  ઉતારવાના કામોને ધારાસભ્યશ્રી કસવાલા સાહેબના પ્રયત્નોથી સૈધાંતિક મંજુરી મળી







**સાવરકુંડલા તાલુકાની 'જીવનદોરી  સમાન  નદીઓનું થશે નવસર્જન - કસવાલા**

**બાઢડા,ઘાંડલા,મેરીયાણા,શેલણા ગામોની નદીપર ચેકડેમ,ઉડી ઉતારવાનું કામ કરી  પુનર્જીવન સાથે તેમજ ફલડ પ્રોટેક્શનનું કામ  સાવરકુંડલા તાલુકા વિસ્તારના સર્વાંગી વિકાસને નવી દિશા**

**સાવરકુંડલા તાલુકાના કામો મંજુર કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી  ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ જળસિંચનમંત્રીશ્રી ઈશ્વરભાઈ પટેલ સાહેબનો ખૂબ ખુબ આભાર  :શ્રી કસવાલા**

સાવરકુંડલા તાલુકાના સર્વાંગી વિકાસ અને ખેડૂતોની સમૃદ્ધિ માટે ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના સતત પ્રયત્નોને મોટી સફળતા મળી છે. તાલુકાની 'જીવનદોરી' સમાન નદીઓ અને ડેમોની જળ સંગ્રહ ક્ષમતા વધારવા માટે સરકાર દ્વારા આ કામ અંતગત બાઢડા નદી ઊંડી ઉતારવાનું કામ  ₹૩૭.૯૨ લાખ,શેલણા ,નદી પર નવો ચેકડેમ બનાવવો ₹૨૮.૦૭ લાખ, ઘાંડલા ફલડ પ્રોટેક્શન (પૂર સંરક્ષણ) દીવાલ ₹૨૨.૭૮ લાખ, મેરીયાણા ફલડ પ્રોટેક્શન (પૂર સંરક્ષણ) દીવાલ ₹૧૭.૧૨ લાખ કુલ ₹૧.૦૫ કરોડના વિકાસકાર્યોને સૈધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ્સથી ભૂગર્ભ જળસ્તર ઊંચા આવશે અને ચોમાસા દરમિયાન પૂરના જોખમમાં ઘટાડો થશે.

ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ આ અંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "આ વિકાસકાર્યો સાવરકુંડલા તાલુકા માટે આશીર્વાદરૂપ સાબિત થશે. નદીઓ ઊંડી થવાથી અને નવા ચેકડેમ બનવાથી પાણીનો સંગ્રહ વધશે, જેનો સીધો લાભ ખેતી અને પશુપાલનને મળશે. સાથે જ ફલડ પ્રોટેક્શન વોલના નિર્માણથી ખેતરો અને રહેણાંક વિસ્તારોમાં પૂરથી થતું નુકસાન અટકશે."ભૂગર્ભ જળ: જળ સંગ્રહ વધતા આસપાસના કુવા અને બોરના તળ ઊંચા આવશે.પર્યાવરણ: નદીઓના પુનર્જીવનથી સ્થાનિક પર્યાવરણમાં સુધારો થશે.આ  મહત્વપૂર્ણ વિકાસકાર્યોને મંજુરી આપવા બદલ ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા માનનીય જળસિંચન મંત્રીશ્રી ઈશ્વરભાઈ પટેલ સાહેબનો તાલુકાની જનતા તરફથી ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

કે.ડી. NEWS

તારીખ : 13/02/2026

# સાવરકુંડલામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનું ભૂમિ પૂજન થયું...






સાવરકુંડલા ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લાભાર્થીના આવાસ નિર્માણ માટે યોજાયેલા ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો હતો જેમાં સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય સામાજિક આગેવાનો ચૂંટાયેલા પ્રતિનિધિઓ શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને સુરક્ષિત, સન્માનજનક અને પાક્કું ઘર પ્રાપ્ત થાય તે કેન્દ્ર અને રાજ્ય સરકારનો મુખ્ય સંકલ્પ રહ્યો છે.પોતાનું ઘર દરેક પરિવાર માટે જીવનનું સૌથી મોટું સ્વપ્ન હોય છે. ચાર દીવાલો અને એક છત એ સુરક્ષા, સ્થિરતા અને આત્મસન્માનનું પ્રતિક છે. આ યોજના દ્વારા અનેક પરિવારોને પોતાના ઘરનું સ્વપ્ન સાકાર કરવાની તક મળી રહી છે, જે તેમના જીવનમાનમાં ગુણાત્મક પરિવર્તન લાવી રહ્યું છે. તેવું ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા એ જણાવ્યું હતું.

તારીખ : 13/02/2026

# સાવરકુંડલા માં પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી ની પુણ્યતિથિ પર તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી...



‘એકાત્મ માનવવાદ’ના પ્રણેતા અને ભારતીય જનતા પાર્ટી માટે પ્રેરણાના ચિરંજીવ સ્ત્રોત એવા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી ની પુણ્યતિથિ પર સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના સાવરકુંડલા સ્થિત અટલધારા કાર્યાલય ખાતે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ તકે સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય સામાજિક આગેવાનો ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## ઉત્સવની ઉજવણીનો ઠાઠ!




T & C APPLY*

કુલ ઈનામો ૫૦૧

...આ ઓફર તા. ૧૪-૦૮-૨૦૨૫ થી તા. ૨૮-૦૨-૨૦૨૬ સુધી માન્ય...

## સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા.

ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 13/02/2026

# સરોજિની નાયડુ નો આજે જન્મદિવસ...



સરોજિની નાયડુ અંગ્રેજી ભાષાના ભારતીય કવિયત્રી, સ્વાતંત્ર્યસેનાની અને પ્રથમ મહિલા રાજ્યપાલ હતા. સ્વરમીઠાશને કારણે લોકો તેમને 'હિંદની બુલબુલ' કહેતા હતા. ભારત સરકારે ૧૩ ફેબ્રુઆરી ૧૯૬૪ ના રોજ તેમની સ્મૃતિમાં ૧૫ પૈસાની ટપાલ ટિકિટ બહાર પડી હતી.એમનો પ્રથમ કાવ્યસંગ્રહ હીરાની ઉંબર ઈ.સ. ૧૯૦૫માં બહાર પડ્યો. પછી ૧૯૧૪માં ગાંધીજીને મળ્યા અને તેમના જીવનમાં પરીવર્તન આવ્યું અને તેઓ સ્ત્રીસેવા, સમાજસેવા અને સત્યાગ્રહની લડતમાં ગળાબૂડ ડૂબી ગયા. ધરાસણામાં લાઠીમાર વખતે મોખરે હતા, અને ૧૯૪૨ના હિન્દ છોડો આંદોલનમાં ભાગ લઈ ૨૧ મહિનાની જેલની સજા ભોગવી હતી.આમ ગાંધીજીની એક અનન્ય શિષ્યા તરીકે ૧૯૨૦ થી ૧૯૪૯ સુધી તેમણે કરેલી દેશસેવા અવિસ્મરણીય છે.સરોજિની નાયડુએ ધ લેડી ઓફ ડ લેક શીર્ષક હેઠળ ૧૩૦૦ પંક્તિઓની કવિતા તથા ૨૦૦૦ પંક્તિઓનું નાટક લખ્યું. તેમણે ૧૯૦૫માં ધ ગોલ્ડન થ્રેશોલ્ડ અને ૧૯૧૨માં ધ બર્ડ ઓફ ટાઈમ અને ૧૯૧૭માં ધ બ્રોકન વિંગ નામના કાવ્યસંગ્રહો પ્રગટ થયેલ. માર્ચ ૧૯૪૯માં રાજ્યપાલના હોદ્દા પર હતા તે દરમિયાન તેમનું અવસાન થયું હતું.

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

www.headway.guru

908 1 24 1 916




૯,૯૯૯ થી વધુ કરોડોની કિંમતના ઈનામો!

માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર..*

તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.

13 DAYS LEFT

ઓફર : ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી જ લાગુ.

શ્રી ગોકુલ જ્વેલર્સ

એક બંધન વિશ્વાસનું

હવેલી શેરી, સાવરકુંડલા.

મો. 95373 12695, 94262 80911

*શરતો લાગુ

કે.ડી. NEWS
તારીખ : 13/02/2026

# આજે વિશ્વ રેડિયો દિવસ

વિશ્વ રેડિયો દિવસ એ દર વર્ષે ૧૩ ફેબ્રુઆરીએ ઉજવવામાં આવતો આંતરરાષ્ટ્રીય દિવસ છે. યુનેસ્કો દ્વારા 3 નવેમ્બર, ૨૦૧૧ ના રોજ તેના ૩૬મા પરિષદ દરમિયાન આ દિવસની નિમણૂક કરવામાં આવી હતી.2012 માં પ્રથમ વિશ્વ રેડિયો દિવસના સન્માનમાં, લાઈફલાઈન એનર્જી , ફ્રન્ટલાઈન SMS, SOAS રેડિયો અને એમ્પાવર હાઉસે લંડનમાં એક સેમિનારનું આયોજન કર્યું હતું . વિવિધ પ્રેક્ટિશનરો, શિક્ષણવિદો અને ટૂલ પ્રદાતાઓ સ્કૂલ ઓફ ઓરિએન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝમાં જોડાયા હતા જેથી રેડિયો સૌથી દૂરના અને સંવેદનશીલ સમુદાયો સુધી પણ કેવી રીતે પહોંચે તે શોધી શકાય. વક્તાઓમાં ગાય બર્જર (યુનેસ્કો ખાતે અભિવ્યક્તિ સ્વતંત્રતા અને મીડિયા વિકાસ નિર્દેશક), ડૉ. ચેગે ગિથિઓરા (SOAS ખાતે આફ્રિકન સ્ટડીઝ સેન્ટરના અધ્યક્ષ), બ્રિજિટ જાલોવ (એમ્પાવર હાઉસ/ પેનોસ લંડન), એમી ઓ'ડોનેલ (ફ્રન્ટલાઈનSMS: રેડિયો), કાર્લોસ ચિરિનોસ (SOAS રેડિયો), અને લિન્જે મન્યોઝો (LSE)નો સમાવેશ થાય છે. પેનલનું સંચાલન લ્યુસી ડ્યુરાન (SOAS, BBC રેડિયો 3 , હ્યુમન પ્લેનેટ ) દ્વારા કરવામાં આવ્યું હતું. ઈટાલીની પીસા યુનિવર્સિટી ખાતે , 13 ફેબ્રુઆરી, 2012 ના રોજ વિશ્વ રેડિયો દિવસની ઉજવણી માટે એક જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન ઈટાલરેડિયો અને એન્જિનિયરિંગ અને ટેલિકોમ્યુનિકેશન ફેકલ્ટી દ્વારા કરવામાં આવ્યું હતું અને માહિતીના સ્ત્રોત તરીકે રેડિયોના ઉપયોગની કિંમત અને સરળતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.૨૦૧૨ માં, સ્પેનના બાર્સેલોનામાં , કોલેજ ઓફ ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર્સ ઓફ કેટાલુનિયા (COETTC) દ્વારા ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૨ ના રોજ વિશ્વ રેડિયો દિવસની ઉજવણી માટે એક જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન કેટાલોનિયા સરકારની મદદથી કરવામાં આવ્યું હતું . મુખ્ય કાર્યક્રમ "વધુ વૈશ્વિક અને સ્પર્ધાત્મક રેડિયો માટે" શીર્ષક ધરાવતી પેનલ ચર્ચા હતી. સ્વિટ્ઝર્લૅન્ડમાં , યુરોપિયન બ્રોડકાસ્ટિંગ યુનિયને ડિજિટલ રેડિયો સપ્તાહનું આયોજન




કર્યું. આ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૨ ના રોજ શરૂ થતી ટેકનિકલ ઈવેન્ટ્સની શ્રેણી હતી, જેમાં મુખ્ય રેડિયો માનકીકરણ સંસ્થાઓ: D R M કન્સોર્ટિયમ, વર્લ્ડડીએમબી, રેડિયોડી એનએસની ભાગીદારી હતી . D A B + માં સ્થાનિક ડિજિટલ રેડિયો ટ્રાન્સમિશન પણ હતું જેમાં CRC mmb ટૂલ્સ ઓપન સોફ્ટવેર-વ્યાખ્યાયિત રેડિયો ટૂલ્સનો ઉપયોગ કરીને નાના માળખાં માટે ટ્રાન્સમિશનના લોકશાહીકરણનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.બાંગ્લાદેશ N G O s નેટવર્ક ફોર રેડિયો એન્ડ કોમ્યુનિકેશન (BNNRC) સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે જાહેર સેવા પ્રસારણ, વાણિજ્યિક પ્રસારણ અને સમુદાય પ્રસારણના સહયોગથી 13 ફેબ્રુઆરીના રોજ વિશ્વ રેડિયો દિવસની ઉજવણીને પ્રોત્સાહન આપે છે. આ હેતુ માટે બાંગ્લાદેશમાં વિશ્વ રેડિયો દિવસ અવલોકન રાષ્ટ્રીય સમિતિની સ્થાપના કરવામાં આવી હતી. 2026: "રેડિયો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ", જેમાં યુનેસ્કો વિશ્વભરના બ્રોડકાસ્ટર્સ અને ઑડિઓ સર્જકોને AI રેડિયો ઉત્પાદનને કેવી રીતે ફરીથી આકાર આપી રહ્યું છે તેના પર ચિંતન કરવા આમંત્રણ આપે છે.ડીઆરએમ કન્સોર્ટિયમ યુનેસ્કો વર્લ્ડ રેડિયો ડે 2026 માં અભૂતપૂર્વ રીતે યોગદાન આપશે, જેમાં બ્રોડકાસ્ટર્સ ડિજિટલ રેડિયો દ્વારા એઆઈ-સક્ષમ ઈ-લર્નિંગ કેવી રીતે પહોંચાડી શકે છે તે દર્શાવવામાં આવશે.

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 13/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS
તારીખ : 13/02/2026

# સિંગતેલમાં બે દિવસમાં વધુ રૂ. 50 નો વધારો..



સિંગતેલમાં દિવસેને દિવસે ભાવ વધી રહ્યા છે ત્યારે યાર્ડમાં મગફળીના ભાવ રૂપિયા 1350 થી 1560 પ્રતિ મણ લેખે સ્થિર રહ્યા છે ત્યારે સિંગતેલમાં ભાવ વધારવાની લગ્નગાળાની માંગ સાથે નફાખોરીની શંકા વચ્ચે સીંગતેલમાં તારીખ 12 ફેબ્રુઆરી 2026 ના રોજ રૂપિયા 30 અને 11 ફેબ્રુઆરી 2026 ના રોજ રૂપિયા 20 સહિત ₹ 50 નો વધારો થતા સીંગતેલ 15 કિલો ના ડબ્બો ચાલુ વર્ષમાં ઊંચાઈ રૂપિયા 2885 - 2985 ઉપર પહોંચાડી દેવાયું છે ગત વર્ષે આ જ ફેબ્રુઆરીમાં સમય કરતા ૨૦ ટકા સીંગતેલ મોંઘુ કરી દેવાયું છે.

તારીખ : 13/02/2026

# અમરેલીમાં સશક્ત યુવા અને ભગવદ્ ગીતા પરિસંવાદ કાર્યક્રમ યોજાયો...








અમરેલી શાંતાબા મેડિકલ કોલેજ ખાતે શ્રી કર્મભૂમિ ડેવલપમેન્ટ ટ્રસ્ટના માધ્યમથી ભગવાન શ્રી કૃષ્ણ અને ભગવદ્ ગીતાની વાત પહોંચાડવા "સશક્ત યુવા અને ભગવદ્ ગીતા પરિસંવાદ" કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે શ્રી બિપીનભાઈ જોષી ઉપસ્થિત રહીને યુવાનોને સશક્ત યુવા અને ભગવદ્ ગીતા વિશે સુંદર વક્તવ્ય આપેલ, આ પ્રસંગે અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી,શ્રી મેહુલભાઈ ધોરાજીયા, શ્રી ડો. સતાણી સાહેબ, શ્રી ભાવેશભાઈ ભાલીયા, શ્રી પ્રોફેસર તળાવિયા સાહેબ સાથે કાર્યક્રમના આયોજક શ્રી મનિષભાઈ સિધ્ધપુરા સહીત કોલેજના પ્રોફેસરશ્રીઓ અને બહોળી સંખ્યામા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમના માધ્યમથી યુવાનો ભગવદ ગીતાના ઉપદેશો વિશે માહિતગાર બને અને પોતાની ભવિષ્યની કારકિર્દીમા ઉપયોગી નિવડે તેવા શુભ ઉદેશ સાથે અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત સરકારના મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના નેતૃત્ત્વમા અમરેલીના ૫૦૦૦ ઉપરાંત યુવાનો સુધી આ વાત પહોંચાડવાનો લક્ષ્ય ટ્રસ્ટ દ્વારા રાખવામા આવેલ છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. **94997 97973** માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

|| સ્વામિશ્રીજી ||

જયશ્રી સ્વામિનારાયણ

Sahajanand Disposables

# સહજાનંદ ડીસ્પોસેબલ્સ

૯' બંસીધર, ગ્રામ સેવા સોસાયટી, મહુવા રોડ, સાવરકુંડલા.

## અમારી ડીસ્પોસેબલ્સ પેપર પ્રોડક્ટ્સ

- ડુના - ૪", ૬", ૮" , પેપર ડિશ - ૬", ૭", ૮", ૧૨"
- પેપર કપ - ૪૦ મિલી,'૪૫ મિલી,' ૫૦ મિલી, ૫૫ મિલી, ૬૫ મિલી
- પેપર ગ્લાસ - ૧૮૦ મિલી ૨૦૦ મિલી ૨૫૦ મિલી

➢ ફૂડસ્ટૉલ, જનરલ સ્ટોર, વગેરેના રોજિંદા ઉપયોગ માટે સર્વશ્રેષ્ઠ આપની પસંદગી.

➢ કેટરર્સ, હોટલ, સામાજિક/ધાર્મિક કાર્યક્રમો માટે વિશેષ ઉપયોગિતા.

➢ કેટરર્સ, હોટલ, હોલસેલ વેપારીઓ માટે વાર્ષિક કોન્ટ્રાક્ટ સુવિધા ઉપલબ્ધ.

➢ સ્થાનિક ગ્રાહકો અને નજીકના ગ્રામયવિસ્તાર માટે ફ્રી ડીલેવરી સુવિધા.

## : સંપર્ક સૂત્ર :

જયદિપ એન. સાદિયા - ૯૭૧૪૦ ૪૨૮૮૨

નંદલાલ જે. સાદિયા - ૯૮૨૪૯ ૩૭૮૨૮



કે.ડી. NEWS

તારીખ : 13/02/2026

# ગિરનાર સીસીટીવી કેમેરા પ્રોજેક્ટનું નાયબ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ





15 ફેબ્રુઆરી 2026 રવિવારના રોજ મહાશિવરાત્રીના પવિત્ર પર્વની ગિરનાર ખાતે ભવ્ય ઉજવણી થવા જઈ રહી છે ત્યારે જૂનાગઢ જિલ્લા પોલીસ દ્વારા યાત્રિકોની સુરક્ષા માટે ગિરનાર પર મૂકવામાં આવેલા સીસીટીવી કેમેરા પ્રોજેક્ટનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ લોન્ચિંગ કર્યું હતું. શિવરાત્રી અને પરિક્રમા સહિતના લોકમેળા જેવા પર્વ પર અહીંયા બહું મોટી સંખ્યામાં ભાવિકો આવતા હોય છે અને એમાં પણ ઉત્તરોત્તર સતત વધારો નોંધાતો રહેતા સુરક્ષા વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવા માટે આ સીસીટીવી કેમેરા લગાવાયા છે, સાઉન્ડ સિસ્ટમ સાથેના આ અદ્યતન કેમેરા યાત્રિકોની સુરક્ષામાં સહાયરૂપ બનશે.

આ પ્રસંગે મંત્રી ડો. પ્રદ્યુમન વાજા અને કૌશિક વેકરીયા ઉપરાંત મુક્તાનંદ બાપુ, કરસનદાસ બાપુ, લોહાણા સમાજના અગ્રણી યતીન કોટેચા, જિલ્લા પોલીસવડા સુબોધ ઓડેદરા, પૂર્વ ડેપ્યુટી મેયર ગિરીશ કોટેચા,કિરીટ પટેલ,દિલેશભાઈ ભાયાણી, નટુભાઈ ચોકસી, કેતનભાઈ અને અરવિંદભાઈ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ- મહોત્સવ 2025




**માત્ર રૂા. ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી ઉપર..**

## 25 લકઝરીયસ ફોર વ્હીલ

તેમજ

9999 થી વધુ કરોડોના ઈનામ જીતવાની સુવર્ણ તક...

AR JEWELLERS

## એ.આર. જ્વેલર્સ

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

Organised by:
HEADWAY BUSINESS SOLUTIONS LLP
Solution@100%

તારીખ : 13/02/2026

# શિવરાત્રી ઉપર લોકપ્રિય ગાયક ઉદયભાઈ ધાધલ નું ગીત ' મહાદેવૐ શંભુ' રિલીઝ થતાં શિવ ભક્તો મા આનંદની લહેર



જુનાગઢમાં અને શિવભક્તોમાં ઠેર ઠેર દુકાનોમાં ગીત ગુંજતું થયું સૌથી નાની ઉંમરમાં અને માત્ર એક વર્ષમાં જ કલાકારોમાં કાંઠુ કાઢી વિદેશમાં પણ તેના ગીતો ખૂબ પ્રસિદ્ધ થયા છે અને તેઓ વિદેશમાં પણ પ્રોગ્રામ દિયા અને તેમનું ગુજરાત અને દેશ વિદેશમાં વીર નો જરી ભરેલો સાફો રે વીર ને જોટાડી બંધુક તેમજ બેઠો બંકી બાબરીયા વાડ તુલસીશ્યામ થઈને બેઠો એ ગીત પણ પ્રથમ લોકપ્રિય થયું અને લગ્ન ગીતમાં પહેલા ગણપતિને પાય લાગુ આ ગીતો લોકપ્રિય થયા હતા ત્યારે ગઈકાલે દેશભરનું મીની કુંભ મેળો જૂનાગઢમાં શરૂ થયો જ્યાં જુઓ ત્યાં દેશ વિદેશના સાધુ-સંતો રાજકીય મહાનુભાવો જોવા મળે છે ત્યારે લોકપ્રિય કલાકાર એવા ઉદયભાઇ ધાધલ દ્વારા મહાદેવ શંભુ ગીત લોન્ચ કરતાં શબ્દો હારે ભોળા ભોળા સોમેશ્વર ભોળા ભેળા રે ગમે છે ટોળા હારે ભોળા ભોળા નાગેશ્વર ભોળા ભુતડાના કેફ માં કેફ માં કાયમી હિલો ળા શબ્દોથી દિલ ધડક અવાજ નમા ગવાયું જૂનાગઢ સોમનાથ સૌરાષ્ટ્રમાં ગીરનાર વિસ્તારમાં લોકો દ્વારા રજૂ થતાં ઠેર ઠેર આ ગીત વાગતું જોવા મળી રહ્યું હતું.

આ મહાશિવરાત્રી ને શક્તિશાળી ભક્તિ અને દેવી પંદ નો ઉજવણી રૂપે અવાજ અને કંઠ મહાદેવ ને ઉર્જા અનુભવ જોવા મળે છે અને કુદરતી દ્રશ્યો થી સાધુ સંતોના ચિત્રો આ ગીતમાં જોવા મળે છે અને જૂનાગઢમાં આ મેળામાં આ ગીતને સારો પ્રતિસાદ મળ્યો.

આ ગીતમાં મહત્વ એ છે કે સાધુ-સંતોના દ્રશ્યો ખુદ કલાકાર ઉદયભાઈ શિવજી તાંડવમાં દ્રશ્યો હોય તેમજ ભારતની અખાડા આસ્થા સાહસ અને ભક્તિ અને સંસ્કૃતિ કલ્યાણને શ્રદ્ધાન કલા ત્રિવેણી સંગમ સંતોની શિવ તાંડવ નૃત્ય ઔ લાગણી આ ગીતમાં જોવા મળે છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

# મફતમાં કરી આપવામાં આવશે.

## શિવમ્

### ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

- અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
- ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
- ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
- બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

- ૨૪ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- સ્રીરોગ નિદાન અને સારવાર.
- અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- કુટુંબ નિયોજન કેન્દ્ર.
- વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertili ty Clinic)તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- કેન્સર નિદાન ✲ ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
- એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

કે.ડી. NEWS
તારીખ : 13/02/2026







ધ ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશન સંચાલીત પ્રભુ નો પ્રસાદ આજ નો પ્રભુ નો પ્રસાદ દાતા  તરીકે જીતેન્દ્રકુમાર મકવાણા (એડવોકેટ) ભાવનગરવાળા  તરફ થી હતો. આજ નો પ્રભુ નો પ્રસાદ એ જાહેર સ્થાન ઉપર ભિક્ષુક લોકો (પ્રભુ ના માણસ) ને ભોજન આપવાનું કાર્યં દરરોજ કરે છે.  આજ નો  પ્રભુ નો પ્રસાદ (ભોજન) અને મીઠાઈ ના દાતા શ્રી જીતેન્દ્રકુમાર મકવાણા (એડવોકેટ) નો સંસ્થા આપનો હદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે... આજ ની સેવા જીતેન્દ્રકુમાર મકવાણા,કલ્પેશભાઈ પટેલ,અરવિંદભાઈ મેવાડા એ સેવા આપી હતી.

કે.ડી. NEWS

તારીખ : 13/02/2026

# ચિતલમાં મહાશિવરાત્રી પર્વ નિમિતે ધારેશ્વર દાદા ની ભવ્ય નગર યાત્રા યોજાશે...



ચિતલ જશવંતગઢ અને ટીંબાના ગ્રામજનો દ્વારા ચીતલમાં મહાશિવરાત્રી પર્વ એટલે કે તારીખ 15 ફેબ્રુઆરી 2026 રવિવાર મહાશિવરાત્રીના પવિત્ર દિવસે ધારેશ્વર દાદા ની ભવ્ય નગરયાત્રા યોજાશે.51 પંડિતો દ્વારા બાર પહોર ની પૂજા રુદ્રાભિષેક અને 100જેટલા યુગલો પૂજામા જોડાશે જેને લઈ તડામાર તૈયારીઓ કરી દેવામાં આવી છે. ત્યારે મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહેશે દેવોના દેવ મહાદેવના ચરણોમાં વંદન કરશે બધાની સુખાકારી માટે પ્રાર્થના કરશે અને ધન્યતા અનુભવશે. અને હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠશે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 13/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# એક્યુરેટ ઈન્ડસ્ટ્રીયલ હબ

Accurate ★★★★★ Top In Town

## બુકીંગ શરૂ...

વહેલા તે પહેલાના ધોરણે

મિત્રો, શુભેચ્છકો, ગ્રાહકો અને દલાલમિત્રોને પધારવા ખાસ આમંત્રણ




* NA થયેલ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ * અમરેલી નેશનલ હાઈવે ટચ
* બાયપાસથી નજીક * શહેરથી માત્ર ૧૦ મિનિટના અંતરે...

**સ્થળ : એક્યુરેટ પેટ્રોલિયમની બાજુમાં, બાયપાસ પછી, અમરેલી રોડ, સાવરકુંડલા.**

ઓફીસ : એક્યુરેટ પેટ્રોલિયમ, અમરેલી રોડ, સાવરકુંડલા

સમય : સવારે ૧૦ થી આપના આગમન સુધી

સંપર્ક : રાજુભાઈ દોશી - મો. ૯૮૭૯૫ ૮૦૬૯૦

ભુપતભાઈ યાદવ - મો. ૮૩૪૭૧ ૬૨૧૯૦

# અમરેલી જિલ્લામાં શ્વાનો બાદ રાની પશુઓનું આતંક..



મળતી વિગતો મુજબ અમરેલી જિલ્લાના નાના કણકોટમાં નીલ ગાયને હડકવા ઉપડતા બે ગ્રામજનો પર હુમલો કર્યાના સમાચાર સામે આવ્યા છે બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે અમરેલી ખસેડવામાં આવ્યા હતા અને વન વિભાગ એ નીલ ગાયને પકડી પણ સારવાર પહેલા તેમનું મોત થયું હતું. અને વાત કરવામાં આવે તો નાના કણકોટ ગામે બે ગ્રામજનો પર નીલ ગાયે હુમલો કર્યો હતો અને ઈજાગ્રસ્તોને દામનગર સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ બંનેને વધુ સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા જેના પગલે વન વિભાગે ઘટના સ્થળે પહોંચી નીલ ગાયને પકડી હતી પણ હડકવા થયો હોવાથી સારવાર મળે એ પહેલા તેમનું મોત નીપજ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 13/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઈન

# લગ્નકંકોત્રી

ઓફસેટ પ્રિન્ટીંગ | સ્ક્રીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ
ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ
બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે
# બેનર

ફલેક્ષ બેનર | હોર્ડીંગ્સ | વિનાઈલ પ્રિન્ટીંગ | રીક્ષા પોસ્ટર



દરેક સાઈઝની
## નોન વુવન બેગ
વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ
રાજ દરબારગઢ, સાવરકુંડલા
મો. 94277 42117

કે.ડી. NEWS
તારીખ : 13/02/2026

# ખેડૂતોને ડીજીટલ ક્રોપ સર્વેની માહિતી પૂરી પાડવામાં સહયોગ કરવા અનુરોધ

## ખેડૂતો પાસેથી AI ટેકનોલોજી મારફતે વોટ્સએપ કોલ અને મેસેજ દ્વારા સર્વે થયેલા પ્લોટ-ખેતર અને વાવેતરની માહિતી  માંગવામાં આવશે

અમરેલી તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ - (શુક્રવાર) અમરેલી જિલ્લામાં ચાલુ વર્ષે ડીજીટલ ક્રોપ સર્વે અંતર્ગત ખેડૂતોના ખેતરમાં વાવેતર કરેલા પાકોનો સર્વે થયો છે. આ સર્વે અન્વયે AI ટેકનોલોજી મારફતે વોટ્સએપ ફોન કે ચેટ મેસેજ દ્વારા ખેડૂતોનો સંપર્ક કરવામાં આવશે. આ ફોન અને મેસેજ દ્વારા ખેડૂતો પાસેથી સર્વે થયેલા પ્લોટ, ખેતરની અને વાવેતર કરેલા પાકોની માહિતી મેળવવામાં આવશે અને તેનું સર્વે સાથે ક્રોસ વેરિફિકેશન કરવામાં આવશે. આ સર્વે સાથે ક્રોસ વેરિફિકેશન અંતર્ગત માંગવામાં આવનાર માહિતી યોગ્ય રીતે આપવા માટે તેમજ અફવાથી પ્રેરાયા વગર ગેરમાર્ગે ન દોરાવવા અને તકેદારી રાખવા માટે અમરેલી જિલ્લા નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) એ એક યાદીમાં જણાવ્યું છે.

તારીખ : 13/02/2026

# અમરેલી પાર્ક કરેલી કારમાં આગ ભભૂકી...



મળતી માહિતી મુજબ, અમરેલીના જેસીંગપરા વિસ્તારમાં ઘર પાસે પાર્ક કરેલી કારમાં અચાનક આગ ભભૂકી હતી. કારમાં પડેલા એસિડ જેવા પદાર્થોને કારણે આગ વિકરાળ બની હતી. કારની આગ બુઝાવવા ગયેલા 4 વ્યક્તિઓ દાઝ્યા હતા. આગના બનાવ અંગે જાણ કરતાં અમરેલી ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.બ્લાસ્ટની ઘટનાને પગલે કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તે માટે અમરેલી પોલીસ દ્વારા સમગ્ર વિસ્તારને તાત્કાલિક કોર્ડન કરી લેવામાં આવ્યો હતો. લોકોની અવરજવર પર રોક લગાવી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. દાઝી ગયેલા ત્રણ લોકોને 108 એમ્બ્યુલન્સની મદદથી તાત્કાલિક અમરેલીની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હાલ તેમની સ્થિતિ અંગે વધુ વિગતો મેળવવાની કામગીરી ચાલી રહી છે.

કે.ડી. NEWS

તારીખ : 13/02/2026

# સાવરકુંડલા તાલુકાના શ્રી અભરામપરા પ્રાથમિક શાળા માં બાળકો ને ટિફિન અને પાણી ની બોટલ વિતરણ કરવામાં આવી..



સાવરકુંડલા તાલુકાના અભરામપરા ગામની શ્રી અભરામપરા પ્રાથમિક શાળામાં શિક્ષક શ્રી દેવેનભાઈ ના મિત્ર મનીષ ભાઈ કોટડીયા સુરત બિલ્ડર તરફથી દરેક બાળકો ને ટિફિન અને પાણી ની બોટલ ભેટ સ્વરૂપે આપી બાળકો ને રાજી કરવાના સેવાકીય યજ્ઞ જોડાયા હતા. તેમની બાળકો માટે નો નિઃસ્વાર્થ ભાવના અને લાગણી ને શાળા પરીવારે બિરદાવી હતી. બાળક ઈશ્વર નું સ્વરૂપ છે તે પંક્તિ ને મનીષભાઈ કોટડીયા એ સાર્થક કરી બતાવ્યું હતું.બાળકો માટે શાળાના સેવાકીય કાર્ય ના ભાગ રૂપ બનવા બદલ શાળા આચાર્ય શ્રી મુકેશભાઈ સુખડિયા તેમજ શાળા પરિવારે તેમનો આભાર માન્યો હતો. તથા વિદ્યાની દેવી માં સરસ્વતી ને પ્રાર્થના કરવામાં આવી હતી કે ધંધા માં ખુબ પ્રગતિ કરે, તેમજ નિરોગી આયુષ્ય આપે તેવી શુભેચ્છા બાળકો તેમજ શાળા પરીવારે આપી હતી.

તારીખ : 13/02/2026


નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





કે.ડી NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે..

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું
એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

## નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 13/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# अनुष्ठान दिवस ४४

" अवतार " की साकार से निराकार तक की यात्रा " आत्मा " के संदेश की श्रृंखला है।

" अवतार " से परमात्मा तक साकार से निराकार तक की यात्रा है।

बाबा स्वामी

તારીખ : 13/02/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગલગલીયા

નસીબ માં લખેલું હોય એને કોઈ બદલી શકતા નથી.જે બટેટા ને તમે ખરીદતી વખતે “રિજેક્ટ" કરી દયો છો. એ તમને પાણીપુરી માં પાછા મળે છે.

તારીખ : 13/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

### નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા



તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 13/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો
## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે
CLICK HEAR

તારીખ : 13/02/2026

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો કે.ડી ન્યૂઝ સાથે...




**સંપર્ક : મો. 9499797973**